# ઝારખંડમાં ભાજપને વિજય અપાવવા મોદીની અપીલ

**ઝારખંડમાં મોદીની રેલીમાં લાખો લોકો ઉમટી પડ્યા : ભાજપ પ્રમુખ રાજનાથસિંહ અને વરિષ્ઠનેતા યશવંત સિંહા સહિતના તમામ નેતા હાજર : વિપુલ કુદરતી ભંડાર છતા ઝારખંડ ગરીબ કેમ : કોંગ્રેસને પ્રશ્ન**

રાંચી,તા. ૨૯

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઝારખંડના પાટનગર રાંચીમાં તેમની વિશેષ છટામાં



વિશાળ જનસભાને સંબોધી હતી. બનાવટી લાલ કિલ્લા બાદ આજે રાચીના દ્રોવામાં બનાવટી સંસદથી કોંગ્રેસ પર મોદીએ એક પછી એક આકરા પ્રહારો કર્યા હતા. ભ્રષ્ટાચાર, મોંઘવારી, બેરોજગારી, વિકાસ સહિતના તમામ મુદ્દાઓ પર કોંગ્રેસ પર પ્રહાર કરીને ફરી એકવાર કોંગ્રેસ મુક્ત શાસનની વાત કરી હતી. મોદીના ભાષણ માટે મંચને સંસદનું રૂપ આપવામાં આવ્યુ હતુ. ગુજરાતમાં કોમી હિંસા મામલે અમદાવાદ કોર્ટ પાસેથી ક્લિનચીટ મેળવી લીધા બાદ મોદીએ પ્રથમ રેલીને સંબોધી હતી. ભાષણમાં મોદીએ રાહુલ ગાંધીના નામનો ઉલ્લેખ કર્યા વગર તેમના પર આકરા પ્રહારો કર્યા હતા. તેમની વાતને આકાશવાણી કહીને ટકોર કરી હતી. રાહુલ ગાંધી ઉપર પ્રહાર કરતા મોદીએ કહ્યુ હતુ કે જુના ગ્રંથોમાં આકાશવાણીનો ઉલ્લેખ આવે છે. હાલના સમયમાં પણ આકાશવાણી થઈ રહી છે. જે લોકો પરિસ્થિતિ માટે જવાબદાર છે. તે જ લોકો જુના જમાનાની આકાશવાણી કરી રહ્યા છે અને આકાશવાણી કરીને સંતાઈ જાય છે. ગ્રંથોમાં આકાશવાણી વિચારવા પર મજબુર કરતી હતી. આજે વિશ્વાસઘાતને રજુ કરે છે. જે લોકો આકાશવાણી કરી રહ્યા છે તે લોકોના શબ્દોમાં ઈમાનદારી છે તો કોંગ્રેસના શાસનમાં ઝારખંડમાં આજે જે ભ્રષ્ટાચાર છે તેનો જવાબ આપવો જોઈએ. મોદીએ કહ્યુ હતુ કે કોંગ્રેસ પાર્ટી દેશ માટે બોઝ બની ચુકી છે. કોંગ્રેસ પોતે દેશ માટે સંકટ સમાન છે કારણ કે કોંગ્રેસ લોકો સાથે સંપર્ક તોડી ચુકી છે. કોંગ્રેસની સરકારો અને નેતાઓને લોકોનો અવાજ સંભળાતો નથી. ઝારખંડમાં કુદરતી સંપત્તિની વાત કરતા તેમણે કહ્યુ હતુ કે જો યોગ્યરીતે શાસન કરવામાં આવે તો ઝારખંડ સમૃદ્ધ દેશોની બરોબરી કરી શકે છે પરંતુ આ રાજ્ય આજે ગરીબ છે. સ્વતંત્રા બાદ જે લોકોએ શાસનની જવાબાદરી સંભાળી છે તે લોકોઆનો જવાબ આપવો જોઈએ. દિલ્હીની સરકારે આઝાદી બાદ ઝારખંડના લોકોનો અવાજ સાંભળ્યો ન હતો. અટલ બિહારી વાજપેઈએ લોકોની ભાવનાઓને સમજી હતી અને અલગ રાજ્યની રચના કરી હતી. દિલ્હીમાં રહેલા લોકોએ ૫૦ વર્ષ સુધી ઝારખંડની માંગ ફગાવી ચુક્યા છે. મોદીએ લોકોને અપીલ કરતા કહ્યુ હતુ કે ઝારખંડમાં લોકસભાની ૧૪ સીટો છે. ૨૦૧૪માં લોકસભાની ચૂંટણી છે. ૧૪ પૈકીની ૧૪ બેઠકો રાજનાથસિંહને આપવા અને ઝારખંડના ભવિષ્યને ઉજ્જવળ બનાવવાની તેમણે વાત કરી હતી. મોદીએ બેરોજગારી અને મોંઘવારીને દૂર કરવાની પણ વાત કરી હતી અને કહ્યુ હતુ કે વિકાસ વગર લોકોનો વિકાસ થશે નહીં. યોગ્ય સુશાસનના લીધે જ બેરોજગારીને દૂર કરી શકાશે. વિકાસના મામલે તેઓએ ગુજરાતના દાખલાઓ અને છત્તીસગઢ તથા મધ્યપ્રદેશનો ઉલ્લેખ કર્યો હતો. મોદીની ઝારખંડ રેલીમાં લાખોની સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.

# લોકોની સમસ્યા ઉકેલવા માટે કેજરીવાલે ૧૦ દિવસ માંગ્યા

**એક નવી વ્યવસ્થા ઉભી કરવામાં સમય લાગશે : કેજરીવાલ : નવી વ્યવસ્થા અમલી બનાવી દેવામાં આવ્યા બાદ લોકોની સમસ્યાઓ અને ફરિયાદોની અરજી તરફ ધ્યાન આપશે: કોંગી વિચારધારા મુજબ નહીં ચાલે**

ગાજિયાબાદ,તા. ૨૯

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે દિલ્હીમાં લોકોની સમસ્યાઓ અને ફરિયાદોના ઉકેલ



તરફ પણ ધ્યાન આપવામાં આવશે. દિલ્હીમાં હાલમાં જ યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં આમ આદમી પાર્ટીએ જોરદાર સપાટો બોલાવ્યો હતો અને ૨૮ બેઠકો જીતી લીધી હતી. રામલીલા મેદાન ખાતે અરવિંદ કેજરીવાલે ગઈકાલે જ મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા હતા ત્યારબાદથી પોતાની કામગીરી પણ શરૂ કરી દીધી હતી. આમ આદમીપાર્ટીની સરકારના પ્રથમ દિવસે અધિકારીઓની મોટા પાયે બદલી કરવામાં આવી હતી આની સાથે જ પોલીસી મામલાઓ પર વિચારણા અંગે કોંગ્રસની લાઈનનો અંત આવી ગયો છે. શાસક પાર્ટીના માટે એક વ્યવસ્થાની રચના કરવા માટે ૧૦ દિવસની મહેતલની માંગ કરી છે. કેજરીવાલે કહ્યુ છે કે એક વ્યવસ્થિત વ્યવસ્થા સ્થાપિત કરવામાં આવ્યા બાદ જ લોકને વધારે યોગ્ય પરિણામ આપી શકશે. આવી વ્યવસ્થા બાદ જ તેમના મળવા માટે આવનાર લોકોની સમસ્યાઓ તરફ ધ્યાન આપી શકાશે. કેજરીવાલે કહ્યુ છે કે તેઓ લોકોને કોઈ ખોટી ખાતરી આપવા માંગતા નથી. સમસ્યાઓના ઉકેલ માટે એક વ્યવસ્થા વિકસિત કરવામાં આવ્યા બાદ જ અરજી પત્રોને સ્વીકાર



કરવામાં આવશે. કેજરીવાલે તેમના આવાસ પર ઉપસ્થિત મોટી સંખ્યામાં લોકોને સંબોધતા કહ્યુ હતુ કે લોકોના સમર્થન સાથે જ દરેક કામને આગળ વધારવામાં આવશે. લોકોના ટેકા વગર સમસ્યાઓનો ઉકેલ આવી શકશે નહીં. કેજરીવાલે એમ પણ કહ્યુ હતુ કે અમે હાલમાં જ સત્તા સંભાળી રહ્યા છીએ. સમસ્યાઓને ઉકેલવા માટે એક વ્યવસ્થા વિકસિત

કરવામાં સાતથી ૧૦ દિવસનો સમય લાગશે. નગરનિગમ અને ડીટીસીમાં કામ કરનાર કર્મચારીઓ એજન્ડ માટેનો માર્ગ મોકળો થયો છે. રાષ્ટ્રના નિર્માણમાં સામેલ થવા કેજરીવાલે અધિકારીઓને પણ કહ્યુ હતુ. ત્યારબાદ અધિકારીઓ સાથે કેજરીવાલે વાત કરી હતી. મોડેથી કેજરીવાલે તેમની સમગ્ર ટીમને કામ સોંપી દીધુ હતુ. ઉચ્ચશિક્ષણ, ટેકનિકલ શિક્ષણ અને ઈન્ફરમેશન ટેકનોલોજીના સેક્રેટરી ઈન ઈન્ચાર્જની જવાબદારી માટે પણ અન્યની પસંદગી કરવામાં આવી છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી શિલા દિક્ષીતના મુખ્યસચિવ રહેલા એમએમ કુટ્ટીને હવે નાણાંમાં ખસેડવામાં આવ્યા છે.

# રાહુલ સામે ચૂંટણી લડવાની કુમાર વિશ્વાસે જાહેરાત કરી

**નરેન્દ્ર મોદીને પણ કુમાર વિશ્વાસનો પડકાર : કોંગી નિર્ણય ૧૦ જનપથથી, ભાજપના નિર્ણય નાગપુરથી થાય છે : એએપીના લીડર કુમાર વિશ્વાસનો સીધો આક્ષેપ**

નવી દિલ્હી,તા. ૨૯

આમ આદમી પાર્ટીના નેતા અને જાણિતા કવિ કુમાર વિશ્વાસ અમેઠીથી ચૂંટણી મેદાનમાં ઉતરનાર કુમાર વિશ્વાસે કહ્યુ છે કે તેઓ રાહુલ ગાંધીની સામે અમેઠીમાંથી જ ચૂંટણી લડશે. ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર મોદી અહીં આવીને ચૂંટણી



લડીને બતાવે તેવો અમારો પડકાર છે. કુમાર વિશ્વાસે નરેન્દ્ર મોદી, રાજનાથસિંહ અને નીતિન ગડકરીને ખુલ્લો પડકાર ફેંક્યો છે. કુમાર વિશ્વાસે આ અંગેની જાહેરાત પણ કરી દીધી છે. કુમારે ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને પણ અમેઠીમાંથી ચૂંટણી મેદાનમાં ઉતરવા પડકાર ફેંક્યો છે. હતો. એટલુ જ નહીં કુમારે મોદીને વંશવાદના મામલામાં પણ ફસાવવાના પ્રયાસ કર્યા હતા. તેમણે કહ્યુ હતુ કે મોદી કોંગ્રેસ પર વંશવાદના આક્ષેપ કરે છે પરંતુ ભાજપમાં પણ વંશવાદની પરંપરા રહી છે. અનેક શહેજાદા વંશપરંપરાને આગળ વધારી રહ્યા છે. મોદીએ તેમના ભાષણમાં વંશવાદને ખતમ કરવાની વારંવાર વાત કરી છે. પોતાના ભાષણમાં મોદી જે શહેજાદાના નામનો વારંવાર ઉલ્લેખ કરે છે. જો તેમને વંશવાદથી નફરત છે તો રાહુલની સામે અમેઠીમાંથી ચૂંટણી મેદાનમાં ઉતરવું જોઈએ. કુમારે કહ્યુ હતુ કે કોંગ્રેસના નિર્ણય ૧૦ જનપથથી થાય છે જ્યારે ભાજપના નિર્ણય નાગપુરથી થાય છે. આમ આમદી પાર્ટીના નિર્ણય લોકો કરે છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર જીત મેળવ્યા બાદ કુમાર વિશ્વાસે રાહુલ સામે ચૂંટણી લડવાની જાહેરાત કરી દીધી છે. જો કે કુમાર વિશ્વાસ પોતે હાલમાં જ યોજાયેલી યાત્રામાં જોડાયા ન હતા.

# પીએફ થાપણ પર ૮.૫ ટકા વ્યાજ દર યથાવત રખાશે

**૧૩મીએ યોજાનારી બેઠક પર તમામની નજર : ગ્રાહકોને ૮.૫ ટકા વ્યાજદર ચૂકવવા માટે ઈપીએફઓને ૨૦૭૪૦ કરોડની જરૂર પડશે : હવે નવો અંદાજ મુકાયો**

નવી દિલ્હી,તા. ૨૯

રીટાયરમેન્ટ ફંડ બોડી ઈપીએફઓ તેના પાંચ કરોડથી વધુ લોકો માટે પીફ થાપણ પર વર્ષ ૨૦૧૩-૧૪ માટે ૮.૫ ટકાના વ્યાજદરને જાળવી રાખે તેવી શક્યતા છે. અગાઉના નાણાંકીય વર્ષમાં પણ ૮.૫ ટકાનો વ્યાજદર રાખવામાં આવ્યો હતો. એમ્પ્લોઈસ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન (ઈપીએફઓ)ની ૧૩મી જાન્યુઆરીના દિવસે મહત્વપૂર્ણ બેઠક યોજાનાર છે. આ બેઠકમાં તમામ પાસાઓ પર ચર્ચા કરવામાં આવનાર છે. શ્રમ પ્રધાન ઓસ્કાર ફર્નાન્ડિઝના નેતૃત્વમાં આ બેટક યોજાનાર છે. જેના પર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. વર્તમાન નાણાંકીય વર્ષમાં ૨૦૭૯૬.૯૬ કરોડની આવકનો અંદાજ ધરાવનાર ઈપીએફઓને તેના ગ્રાહકોને ૮.૫ ટકાના વ્યાજદરની ચુકવણી કરવા માટે ૨૦૭૪૦ કરોડની રકમની જરૂર રહેશે. અંદાજ મુજબ વ્યાજની ચુકવણીમાં અડધા ટકાનો વધારો કરવામાં આવે તો વધારાની ૧૨૨૦ કરોડની રકમની જરૂર પડશે. જે હાલમાં શક્ય દેખાતી નથી. ટ્રસ્ટીને રજૂ કરેલી તેની દરખાસ્તમાં ઈપીએફઓ દ્વારા જણાવવામાં આવ્યું છે કે કેટલીક જટિલ સ્થિતી રહેલી છે. ઈપીએફઓની સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થા સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીની બેઠક શ્રમ પ્રધાનના નેતૃત્વમાં આશરે એક વર્ષના ગાળા બાદ યોજાવવા જઈ રહી છે. અગાઉ આ બેઠક આ વર્ષે ફેબ્રુઆરીમાં યોજાઈ હતી. વ્યાજદર અંગે કોઈ નિર્ણય લઈ શકાયો ન હતો.

# આંધ્ર ટ્રેન બનાવમાં તપાસ આરંભાઈ રેલવે બોર્ડના અધ્યક્ષ દ્વારા તપાસ

હૈદરાબાદ,તા. ૨૯

આંધ્રપ્રદેશના અનંતપુર જિલ્લામાં શનિવારના દિવસે ટ્રેનમાં આગ લાગવાના બનાવમાં ૨૬ લોકોના મોત મામલે રેલવે દ્વારા તપાસની શરૂઆત કરવામાં આવી છે. આંધ્ર ટ્રેન દુર્ઘટનાના મામલામાં તપાસનું નેતૃત્વ રેલવે બોર્ડના ચેરમેન અરૂણેન્દ્ર કુમાર કરી રહ્યા છે. અરૂણેન્દ્રએ આજે પુટ્ટાપાર્થી ખાતે રેલવે સ્ટેશન નજીક બેંગ્લોર-નાનદેદ એક્સપ્રેસ ટ્રેનના એરકન્ડિશન કોચમાં ફાટી નીકળેલી આગના મામલામાં ચકાસણી કરી હતી. જે કોચમાં આગ લાગી હતી તે કોસને ઝીણવટભરીરીતે નિરિક્ષણ કરવામાં આવ્યુ હતુ. અરૂણેન્દ્રની સાથે રેલવેના અન્ય અધિકારીઓ પણ જોડાયા હતા. અત્રે ઉલ્લેખનીય છેકે ગઈકાલે સવારે એસી કોચમાં આગ ફાટી નીકળતા ૧૨ મહિલાઓ અને બે બાળકો સહિત ૨૬ લોકો બળીને ભડથુ થઈ ગયા હતા.


આ સમગ્ર મામલાને લઈને રેલવે મંત્રીએ પણ આઘાત વ્યક્ત કર્યો હતો. પોલીસ અને રેલવે અધિકારીઓને સાંકા છે કે શોટસર્કીટથી આગ લાગી હતી. રેલવે પ્રધાન મલ્લિકાર્જુન ખડગેએ પણ ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી દરમિયાન માર્યા ગયેલા લોકોની ઓળખ કરવા માટે ડીએનએ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. ફોરેન્સિક નિષ્ણાંતો અને ઈલેક્ટ્રીકલ એન્જિનિયરોની પણ મદદ લેવામાં આવી છે.

# લેહ ખાતે રેકોર્ડ ઠંડી

**તાપમાન માઈનસ ૧૭.૩ ડિગ્રી થયુ : હિમવર્ષાની હવામાન વિભાગની આગાહીથી ઠંડી હજુય વધવાની શકયતા : ઉત્તર ભારતમાં ઠંડીના સકંજામાં આવ્યુ**

નવી દિલ્હી,તા. ૨૯

દેશભરમાં તીવ્ર ઠંડી પડી રહી છે. ખાસ કરીને જમ્મુ કાશ્મીરમાં લોકોની હાલત કફોડી બની ગઈ છે. લડાખ પ્રદેશના લેહમાં માઈનસ ૧૭.૩ ડિગ્રી તાપમાન થયુ છે જે આ સિઝનમાં સૌથી ઓછુ તાપમાન છે. પાટનગર શ્રીનગરમાં લઘુત્તમ તાપમાનમાં બે ડિગ્રીનો ઘટાડો થયો છે. અહીં પારો માઈનસ ૩.૭ ડિગ્રી થયો છે. કાશ્મીર ખીણના ગેટવે ગણાતા કાજીગુંદમાં માઈનસ ૪ ડિગ્રી તાપમાન રહ્યુ છે. વાર્ષીક અમરનાથ યાત્રા માટે બેઝકેમ્પ તરીકે ઉપયોગ થતા પહેલગામ રિસોર્ટમાં રાત્રી



તાપમાન માઈનસ ૭.૪ ડિગ્રી થયુ છે જે ગઈકાલે ૬.૯ ડિગ્રી માઈનસમાં હતુ. વિશ્વપ્રસિદ્ધ સ્કી રિસોર્ટ ગુલમર્ગમાં માઈનસ ૯.૬ ડિગ્રી તાપમાન થયુ છે જે ગઈકાલે માઈનસ ૮.૨ ડિગ્રી હતુ. દક્ષિણ કાશ્મીરમાં કોકરનાગ અને અન્ય તમામ વિસ્તારોમાં તાપમાનમાં તીવ્ર ઘટાડો નોંધાયો છે. ઉત્તર કાશ્મીરના કુપવારમાં પણ માઈનસ ૩.૯ ડિગ્રી તાપમાન થયુ છે. માત્ર જમ્મુ કાશ્મીરમાં જ નહીં બલકે હિમાચલ

હવામાન વિભાગે આગાહી કરી છેકે નવા વર્ષની પૂર્વ સંધ્યાએ હિમવર્ષા થઈ શકે છે. હેલમાં શિયાળાની સિઝનમાં હજુ સુધી સૌથી વધારે ઠંડી નોંધાઈ છે. અહીં તાપમાન માઈનસ ૧૭.૩ ડિગ્રી થયુ છે. અગાઉની રાત્રીએ માઈનસ ૧૪.૯ ડિગ્રી તાપમાન થયુ હતુ. હવામાન વિભાગે કહ્યુ છેકે ઠંડીથી લોકોને કોઈ રાહત મળશે નહીં. નજીકના કારગીલમાં માઈનસ ૧૬.૪ ડિગ્રી તાપમાન થયુ હતુ. આ સિઝનમાં કારગીલમાં પણ સૌથી ઓછુ તાપમાન છે. જમ્મુ કાશ્મીરના ઉનાળા પ્રદેશ, પંજાબ, હરિયાણા અને રાજસ્થાનના મેદાની ભાગોમાં પણ કડકડતી ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. તાપમાનમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. પારો સતત ગગડી જતા જનજીવનને માઠી અસર થઈ છે. ધુમ્મસના કારણે ટ્રેન અને વિમાની સેવાને પણ મોટા શહેરોમાં અસર થઈ છે. દિલ્હી અને રાજસ્થાન તેમજ પંજાબમાં ધુમ્મસના કારણે શ્રેણીબદ્ધ ટ્રેનો મોડેથી દોડી રહી છે. વિમાનોના ઉડ્ડયન અને ઉતરાણ પર પણ ધુમ્મસની અસર થઈ છે.

# નાદારની સંપત્તિ આ વર્ષમાં ૩.૯ અબજ ડૉલર વધી છે

**અબજોપતિની યાદીમાં અંબાણી ૩પમાં સ્થાને : રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના માલિક મુકેશ અંબાણીની સંપત્તિમાં ૧ અબજ ડૉલરનો ઘટાડો થતાં રેકીંગમાં તેઓ નીચા સ્તરે**

નવી દિલ્હી,તા.૨૯

ઈન્ફરમેશન ટેકનોલોજી (આઈટી) સર્વિસ પ્રોવાઈડર કંપની એચસીએલ ટેકનોલોજીના અધ્યક્ષ અને મુખ્ય કારોબારી અધિકારી શિવનાદાર ૨૦૧૩માં દેશના અબજોપતિની યાદીમાં સૌથી આગળ રહ્યા છે. મુકેશ અંબાણીને પણ તેઓ પછડાટ આપવામાં સફળ રહ્યા છે. આ વર્ષે જાન્યુઆરીથી લઈને તેમની સંપત્તિ ૩.૯ અબજ ડૉલર વધી ચૂકી છે. બીજી તરફ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના માલિક મુકેશ અંબાણી દુનિયાના અબજોપતિની યાદીમાં ૧૮માં સ્થાનથી નીચે ઉતરીને ૩પમાં સ્થાન ઉપર પહોંચી ગયા છે. તેમની સંપત્તિમાં ૧ અબજ ડૉલરનો ઘટાડો થયો છે. ભારતીય અબજોપતિ માટે ૨૦૧૩ મિશ્ર વર્ષ તરીકે છે. અનેક ખજાનાઓમાં વધારો થયો છે. જ્યારે કેટલાક ખજાનાઓ ખાલી થયા છે. દુનિયાના ૩૦૦ અબજોપતિઓની બ્લુમબર્ગની યાદીમાં સામેલ ટોચના નવ ભારતીય અબજોપતિ પૈકી ચારની સંપત્તિમાં કુલ ૧૦.૭ અબજ ડૉલરનો વધારો થયો છે. જ્યારે બાકીના પાંચની સંપત્તિમાં કુલ ૬.૨ અબજ ડૉલરનો વધારો થયો છે. સંપત્તિમાં વધારો કરવાના મામલામાં ઓપી જિંદાલ ગ્રૂપના પાર્વતી જિંદાલ બીજા સ્થાને રહ્યા છે. આ યાદીમાં સામેલ ટોચના નવ ભારતીય અબજોપતિ પૈકી જે ચાર અબજોપતિએ પોતાની સંપત્તિમાં ઉલ્લેખનીય વધારો કર્યો છે તેમાં ત્રણ ઈન્ફરમેશન ટેકનોલોજીના અને એક ફાર્મા ઈન્ડસ્ટ્રીના છે. જ્યારે ટાટા ગ્રૂપ પૈકી પણ કંપનીઓ સામેલ છે. એચસીએલ ટેકનોલોજીના અધ્યક્ષ શિવ નાદારને દેશના અગ્રણી અને કુશળ રણનીતિકારો પૈકી એક તરીકે ગણવામાં આવે છે. બિઝનેસના ક્ષેત્રમાં તેમનો દબદબો જોરદાર રીતે રહ્યો છે. વૈશ્વિક અને ભારતીય સ્તરે આર્થિક મંદીની સ્થિતિ હોવા છતાં શિવનાદાર દેશના અબજોપતિની યાદીમાં આગળ રહ્યા છે અને તેમની સંપત્તિમાં વધારો કર્યો છે.

# રાહત કેમ્પમાં મોત ન થાય તે માટે પગલાં લેવાયા છે

**વ્યાપક ટીકા બાદ ઉત્તર પ્રદેશની ખાતરી : ભૂખમરા અને ઠંડીના કારણે લોકોના મોત ન થાય તે માટે પૂરતી વ્યવસ્થા કરાઈ રહી છે : શિવપાલસિંહની ખાતરી**

લખનૌ,તા.૨૯

ઉત્તર પ્રદેશ સરકારે આજે કહ્યું હતું કે મુજફ્ફરનગર હિંસા રાહત કેમ્પમાં લોકો માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે. ઠંડી અને ભૂખમરાના કારણે અન્ય કોઈ વ્યક્તિના મોત ન થાય તેની ખાતરી કરવા માટે પણ તમામ પ્રયાસ કરવામાં આવશે. રાજ્યના પીડબલ્યુ પ્રધાન શિવપાલસિંહે કહ્યું છે કે રાજ્ય સરકારેઠંડી અને ભૂખમરાથી બચવા માટે તમામ પગલાં લીધા છે. કોઈના મોત ન થાય તેની ખાતરી કરવામાં આવશે. આશ્ચર્યજનક બાબત એ છે કે સમાજવાદી પાર્ટી સરકાર દ્વારા નિમવામાં આવેલી કમીટીના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે રાહત કેમ્પમાં ૩૪ બાળકોના મોત ૭મી સપ્ટેમ્બર અને ૨૦મી ડિસેમ્બર વચ્ચેના ગાળામાં થઈ ચૂક્યા છે. પેનલના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે આ બાળકોના મોત ન્યૂમોનીયા, તાવ અને વહેલી તકે જન્મના કારણે થયા હતા. દરમિયાન આ પ્રધાને લંચ દરમિયાન ઘરે જવા બદલ અધિકારીઓની ઝાટકણી કાઢી છે અને હવે ઓફિસમાં વધારે સમય ન બગડે તેની ખાતરી કરવા માટે પગલાં લેવામાં આવશે. શિવપાલસિંહે એમ પણ કહ્યું છે કે અધિકારીઓ લંચ ઓફિસમાં લઈને પહોંચે તેવી રજૂઆત અમે કરી રહ્યા છીએ. લંચ માટે ઓફિસના કલાક દરમિયાન ઘરે જવાની બાબત ખૂબ જ સમય બગાડે તેવી છે.

આના કારણે બે કલાકથી પણ વધુનો સમય બગડી જાય છે. આ પરંપરા ખૂબ ખોટી રહેલી છે. કમીશનર, જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા સબ ડિવિઝનર મેજિસ્ટ્રેટ ઉપર આના લીધે તવાઈ આવશે. લંચ માટે તેઓ ઘરે જઈ શકશે નહીં. તેમના ભોજનની વ્યવસ્થા ઓફિસમાં જ કરવી પડશે. આમ આદમી પાર્ટીના કન્વીનર અરવિંદ કેજરીવાલ દિલ્હીના મુખ્યમંત્રી બન્યા બાદ આ અંગે શિવપાલે કહ્યું હતું કે લોકોને તેમનામાં વિશ્વાસ છે.

આમ આદમી પાર્ટીએ લોકોને આપવામાં આવેલા વચન પાળવા જોઈએ. ઉત્તર પ્રદેશમાં મુજફ્ફરનગરમાં સાંપ્રદાયિક હિંસા બાદ રાહત કેમ્પ સ્થાપિત કરવામાં આવ્યા હતા. આ રાહત કેમ્પમાં મોટી સંખ્યામાં લોકોના મોતના અહેવાલ આવી ચૂક્યા છે જેના કારણે અખિલેશ સરકારની હાલત કફોડી બનેલી છે આવી સ્થિતિમાં ઉત્તર પ્રદેશ સરકારે હવે ઠંડી અને ભૂખમરાના કારણે કોઈના મોત થશે નહીં તેવી ખાતરી આપી છે.

# આજે ચાહકોની હાજરીમાં ફારૂક શેખની દફનવિધિ

**આજે સાંજે સાત વાગ્યે દફનવિધિ કરાશે : ફારુક શેખના મૃતદેહને આવતીકાલે સાંજે મુંબઈ લવાયા બાદ દફનવિધિ થશે**

મુંબઈ,તા.૨૯

દુબઈમાં ગઈકાલે હૃદયરોગના હુમલા બાદ અવસાન પામેલા લોકપ્રિય અભિનેતા ફારુક શેખની આવતીકાલે સાંજે દભનવિધિ કરવામાં આવશે. ફારુક શેખના નજીકના મિત્ર અને અભિનેતા સતીશશાહ દ્વારા આજે આ મુજબની સ્પષ્ટતા કરવામાં આવી હતી.

ફારુક શેખના મૃતદેહને આવતીકાલે ચાર વાગ્યે મુંબઈ વિમાની મથકે લવાશે ત્યારબાદ સાંજે ૭.૦૦ વાગ્યાની આસપાસ દફનવિધિ કરવામાં આવશે. ઉમરાવજાન, ચશ્મે બદુર, જેવી ફિલ્મોમાં કામ કરી ચુકેલા ફારુક શેખના અવસાનથી બોલિવુડમાં આઘાતનું મોજુ ફરી વળ્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે બોલિવૂડના અતિ લોકપ્રિય અભિનેતા ફારુક શેખનું ગઈકાલે અવસાન થતાં સમગ્ર બોલિવૂડમાં આઘાતનું મોજું ફળી વળ્યું હતુ. ૬૫ વર્ષીય ફારુક શેખ પર મોડી રાત્રે હૃદયરોગનો હુમલો થયો હતો.

એક કોન્સર્ટમાં હાજરી આપવાના હેતુસર ફારુક શેખ દુબઈ ગયા હતાં જ્યાં તેમને હૃદયરોગનો હુમલો થયા બાદ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ફારુક શેખે છેલ્લે ક્લબ ૬૦ નામની ફિલ્મમાં ભૂમિકા ભજવી હતી. આ ઉપરાંત યે જવાની હૈ દિવાનીમાં ફારુક શેખે રણબીર કપૂરના પિતાની ભૂમિકા અદા કરી હતી. ફારુક શેખના મૃતદેહને દુબઈમાં તમામ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવ્યા બાદ મુંબઈ લાવવામાં આવી રહ્યોછે. ૧૯૭૦ અને ૮૦ના દશકમાં તેની ફિલ્મો માટે ફારુક શેખની નોંધ લેવામાં આવે છે. ફારુક શેખે ઘણી બધી ટીવી સિરીયલો અને ટેલિવિઝન શોમાં પણ ભાગ લીધો હતો. ફારુક શેખનો લોકપ્રિય અભિનેતાઓ પૈકીના એક હતા. તેમની કેટલીક એવી ફિલ્મો છે જેમને ચાહકો ક્યારે ભૂલી શકશે નહીં. જેમાં શતરંજ કે ખેલાડી, ચશ્મે બદુર, કિસી સે ના કહેના, નૂરી, બજારનો સમાવેશ થાય છે.

# શેરબજારમાં બે દિવસમાં તેજી રહેવાના સ્પષ્ટ સંકેત

નવી દિલ્હી,તા. ૨૯

શેરબજારની દિશાને લઈને નિષ્ણાંતોમા ચર્ચા ચાલી રહી છે ત્યારે મોટા ભાગના જાણકાર નિષ્ણાંતો માની રહ્યા છે કે આ સપ્તાહમાં શેરબજારમાં જંગી વિદેશી રોકાણના કારમે તેજી જારી રહેશે. જ્યારે વૈશ્વિક બજારોમાં કેટલાક નવા ઘટનાક્રમ જોવા મળશે. આગામી મહિનાથી કમાણીના નવા આંકડા પણ જારી કરવામાં આવનાર છે. સેન્સેક્સમાં આ વર્ષે નવ ટકાનો ઉછાળો નોંધાઈ ચુક્યો છે. આ વર્ષે બજારમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ૨૦ અબજ ડોલર ઠાલવ્યા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ ઓટો શેર પર તમામની નજર રહેશે. કારણ કે ડિસેમ્બર ૨૦૧૩ માટેના વેચાણના આંકડા ઓટો કંપનીઓ દ્વારા બુધવારના દિવસે જારી કરવામાં આવનાર છે. જાન્યુઆરી મધ્યથી ઓક્ટોબર-ડિસેમ્બર ત્રિમાસિક કમાણીના આંકડા જારી કરવામાં આવનાર છે. આવી સ્થિતીમાં તેની પણ બજાર પર અસર થઈ શકે છે. નવા કેલેન્ડર વર્ષમાં અમે પ્રવેશ કરવા જઈ રહ્યા છીએ. આમહિનામાં નેટ બાયર તરીકે વિદેશી રોકાણકારો રહ્યા છે. આરબીઆઈ દ્વારા આ વખતે વ્યાજદર સ્થિર રાખવામાં આવ્યા છે. નિફ્ટી પણ આગળ વધે છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે આગામી સિઝનમાં નિફ્ટી માટે ૬૩૨૫ની સપાટી મહત્વપૂર્ણ રહેશે.